તાપમાન
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૫ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૦ ૨૦ જુલાઈ, ૨૦૧૬, બુધવાર ; અષાઢ વદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજયમાં દલિત આંદોલન ઉગ્ર બન્યું

**રાજ્યભરમાં ૧૫ દલિત યુવાનોએ આપઘાતનો પ્રયાસમાં એકનું મોત : અમરેલીમાં રેલી દરમિયાન પથ્થરમારો : પથ્થર મારાથી હેડ કોન્સ્ટેબલનું મૃત્યુ : સૌરાષ્ટ્રમાં હિંસા : સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે તોડફોડ, પથ્થરમારાના બનાવો : દલિત સમાજના લોકોમાં સતત બીજા દિવસે ગુસ્સો યથાવત : સીટી બસમાં તોડફોડ : હિંસાના પગલે સૌરાષ્ટ્રમાં એસટી બસના કેટલાક રૂટો બંધ કરાયા**






અમદાવાદ,તા. ૧૯

ઉનામાં દલિત ઉપર થયેલા અત્યાચારની માઠી અસર આજે સતત બીજા દિવસે પણ જોવા મળી હતી. દલિતો ઉપર અત્યાચારના પ્રત્યાઘાતરુપે સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં હિંસા ભડકી ઉઠી હતી. પ્રચંડ વિરોધ પ્રદર્શન, તોડફોડ, પથ્થરમારાના બનાવો બન્યા છે. સમગ્ર સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં આની અસર જોવા મળી હતી જેથી એસટી સેવાને પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં બંધ રાખવાની ફરજ પડી હતી. રાજકોટ સહિત સમગ્ર જિલ્લા અને જામનગરમાં દલિતોનો ગુસ્સો જોવા મળ્યો હતો. સવારમાં રાજકોટ અને ગોંડલમાં સીટી બસમાં તોડફોડ કરવામાં આવી હતી. અમરેલીમાં દલિત અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. પથ્થરમારામાં અમરેલીના પોલીસ જવાનને ઈજા થઈ હતી. તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત થયું હોવાના અહેવાલ મળ્યા છે. સોમનાથ-અમદાવાદ રુટની ટ્રેન ઉપર પણ પથ્થરમારો ગઈકાલે રાત્રે કરાયો હતો. દલિતોનો રોષ બીજા દિવસે યથાવત રહ્યો હતો. જેતપુરમાં પણ દલિતોના ટોળા રસ્તા ઉપર આવી ગયા હતા. દુકાનો બંધ કરવા માટે ટોળા નિકળ્યા હતા. પરિસ્થિતિ તંગ બનતા સૌરાષ્ટ્રની એસટી બસના ઘણા રુટ બંધ કરવામાં આવ્યા હતા. ગઈકાલે સાત યુવાનો દ્વારા આપઘાતનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રાજકોટ-ગોંડલ હાઈવે પર ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી. રાજકોટમાં બીઆરટીએસના બસ સ્ટેન્ડમાં તોડફોડ કરવામાં આવી હતી. ધોરાજીમાં બે અને લતીપરમાં એક એસટી બસ સળગાવી દેવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, અત્યાચારના વિરોધમાં ગઈકાલે એક સાથે સાત લોકોએ ઝેરી દવા ગટગટાવીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો જેનાથી સરકાર પણ હચમચી ઉઠી છે. અત્યાચાર ગુજારનાર સામે અપેક્ષા મુજબ પગલાં ન લેવાતા તેના પ્રત્યાઘાત ગોંડલમાં પડ્યા હતા. ગઈકાલે ગોંડલમાં પાંચ અને બપોર બાદ જામકંડોરણામાં ૨ દલિતોએ જાહેરમાં ઝેરી દવા પી લીધી હતી. ઘટનાને પગલે લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા. પોલીસ દ્વારા વિરોધ પહેલા જ ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં હિંસાના પગલે મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. બીજી બાજુ ઉનાની ઘટનાના પગલે ગૃહરાજ્યમંત્રીના રાજીનામાની માંગ પણ કરવામાં આવી છે. આજે દલિત અત્યાચારના મુદ્દે સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભડકેલી હિંસા દરમિયાન સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની અને કઠોર પગલા લેવાની ફરજ પડી હતી.

## આનંદીબેને અપીલમાં શું કહ્યું

- શાંતિ એ આપણા સમાજજીવનમાં સંસ્કાર છે. કર્તવ્ય પાલન અને ઘર પરિવારની સારસંભાળ એ તો આપણી સંસ્કૃતિમાં છે.
- થોડા દિવસ પહેલા ગીરસોમનાથ જિલ્લાના ઊનામાં અનુસુચિત જાતિના યુવકો સાથે જે અત્યાચાર દુર્વ્યવહાર થયો તે અત્યંત શરમજનક અને કોઈપણ સભ્ય સમાજને ન શોભે તેવી ઘટના છે.
- હું આવા આચરણની સખ્ત શબ્દોમાં નિંદા કરું છું.
- હિંસાનો ભોગ બનેલા યુવાનોને ન્યાય મળે તે માટે અમે કટીબદ્ધ છીએ.
- ઊનાની આ ઘટના સંદર્ભે સરકારે તરતજ કડક પગલાં લીધા છે.
- અત્યાર સુધીમાં ૧૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જે પોલીસ અધિકારી-કર્મચારીઓએ આ ઘટનામાં તેમની ફરજમાં નિષ્ક્રિયતા દાખવી છે તેવા ચાર પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરાયા છે.
- જે યુવાનો આ અત્યાચારનો ભોગ બન્યા છે તેમને તબીબી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને તેમની સારવારનો તમામ ખર્ચ રાજય સરકાર ઉપાડશે.
- પ્રત્યેક ઈજાગ્રસ્ત વ્યક્તિઓને નિયમાનુસાર રૂ. ૪ લાખનું વળતર આપવાનું રાજય સરકારે નક્કી કર્યું છે તેમાંથી રૂ. ૧ લાખની સહાય આપી દેવામાં આવી છે.
- આ કમનસીબ ઘટનાની ગંભીરતા અને સંવેદનશીલતા ધ્યાનમાં લઈને સમગ્ર બનાવની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવાના હુકમો કરી દેવામાં આવ્યા છે.
- એટલું જ નહી, નામદાર હાઈકોર્ટના પરામર્શમાં રહીને આ કેસ સ્પેશ્યલ કોર્ટમાં ટ્રાયલ કરવાનો નિર્ણય પણ લીધો છે. સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટરની નિમણૂક કરવાનું તથા ૬૦ દિવસમાં ચાર્જશીટ દાખલ કરવાની સુચનાઓ પણ આપી છે.
- આ સમગ્ર ઘટનાક્રમમાં તલસ્પર્શી તપાસ કરીને કડકમાં કડક પગલાં લેવા તેમજ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે પ્રશાસનને સુચનાઓ પણ આપવામાં આવી છે.
- આવી જાહેર મિલ્કતને નુકશાન એ સરવાળે સમાજના દરેક વર્ગોનું નુકસાન છે. જે શાંતિપ્રિય ગુજરાતની ગરીમાને હાનિકારક છે.
- ખાસ કરીને યુવાવર્ગોને મારી નમ્ર અપિલ છે કે આક્રોશમાં આવી જઈ કોઈ અઘટિત પગલું ન ભરશો

## દલિતો પર અત્યાચારો વધ્યા છે પણ ભાજપ સરકાર મૌન : કોંગ્રેસ

**રાજ્યપાલને આવેદનપત્ર પણ અપાયું : અત્યાચારનો ભોગ બનેલાને પૂર્ણ ન્યાય આપવા, ગુનામાં સંડોવાયેલાઓ સામે સખત પગલા લેવાની વાઘેલાની માંગ**

ગાંધીનગર, તા.૧૯

રાજયમાં ગીર-સોમનાથ છે. જે ગુજરાત અને ભાજપ સરકાર માટે શરમજનક છે. રાજયમાં દલિત હતી. આજરોજ સાંજે ૪-૩૦ કલાકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના



જિલ્લાના ઉના તાલુકાના મોટા સમઢિયાળા ગામે રાજયમાં ગત તા. ૧૧ જુલાઈ, ૨૦૧૬ના રોજ દલિત સમાજના યુવાનો પર ભાજપના મળતીયાઓ જેવા કે, બજરંગ દળ, શિવસૈનિકો તેમજ કહેવાતા ગૌરક્ષકોએ અધૂરી માહિતીના આધારે દલિત યુવાનોને બેરહમીપૂર્વક જાહેરમાં અંગ્રેજોને શરમાવે તેમ નિર્દયતાપૂર્વક લાઠી-કોરડા વિંઝવાનું કામ કરવામાં આવ્યું સમાજના યુવાનો અને તેમના પરિવારજનો ઉપર વધી રહેલા અત્યાચાર અને બીજીબાજુ ભાજપ સરકારનું સંપૂર્ણ મૌન અને નિષ્ક્રિયતાને વખોડી કાઢતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ દલિત સમાજના અત્યાચારનો ભોગ બનેલાને સંપૂર્ણ ન્યાય મળે, ગુનામાં સંડોવાયેલાઓ સામે સખતમાં સખત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી પ્રમુખ ભરતસિંહ સોલંકી અને અન્ય કોંગ્રેસના આગેવાનો દ્વારા નામદાર રાજયપાલનો આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ઉના ખાતે બનેલ બનાવની વિડીયો કલીપ જોઈએ તો અમાનવીય કૃત્ય દલિત સમાજના યુવાનો સાથે કહેવાતા ગૌભક્તોએ કર્યું છે. આ કૃત્યમાં સંડોવાયેલા તમામની ધરપકડ કરી તેમના પર ૩૦૭ની કલમ લગાડવી જોઈએ.

## આજે આનંદીબેન ઉના જઈને પીડિત દલિત યુવાનોને મળશે

**શાંતિ જાળવી રાખવા તમામ નાગરિકોને આનંદીબેને અપીલ કરી : આત્મહત્યા જેવા પગલા ન લેવા માટે સૂચન કરાયું**

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્યભરના વિવિધ ભાગોમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શન અને તોડફોડના મુદ્દે આજે તેમની પ્રતિક્રિયા આપી હતી. મુખ્યમંત્રીએ શાંતિ જાળવી રાખવા તમામને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકાર ઉના પીડિતોની સાથે જ છે. એટલે આત્મહત્યાના પ્રયાસો જેવા પગલા ન ભરવા જોઈએ. આનંદીબેને સમાજના આગેવાનોને શાંતિ જાળવી રાખવામાં સહકાર કરવા મદદ માટે અપીલ કરી હતી. વિકાસ તરફ ધ્યાન આપવા માટે સરકારને સહકાર આપવાની પણ અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, દોષિતો સામે પગલા લેવામાં આવી રહ્યા છે. બેદરકારી દાખવનાર સામે પણ પગલા લેવામાં આવી ચુક્યા છે. સમગ્ર મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. બીજી બાજુ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલ બુધવાર તા. ૨૦ જુલાઈએ ગીરસોમનાથ જિલ્લાના ઊનામાં જે દલિત યુવાનો અત્યાચારનો ભોગ બન્યા છે તેમની રૂબરૂ મુલાકાત લેશે. આનંદીબેન પટેલ આ દલિત યુવાનોના પરિવારજનોને પણ મળવાના છે. મુખ્યમંત્રી સાથે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણભાઈ વોરા તેમજ મુખ્યસચિવ જીઆર અલોરિયા પણ આ દલિત યુવાનોની મુલાકાત લેશે. બીજી બાજુ સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં આજે સતત બીજા દિવસે પણ દલિતો ઉપર અત્યાચારના વિરોધમાં વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. જેના કારણે કેટલાક વિસ્તારોમાં જનજીવનને માઠી અસર થઈ હતી. સૌરાષ્ટ્રની એસટી બસના રુટને પણ બંધ કરવામાં આવ્યા હતા. પથ્થરમારો પણ ઘણી જગ્યાએ કરવામાં આવ્યો હતો. સુરક્ષા વ્યવસ્થા તમામ જગ્યાએ મજબૂત કરી દેવામાં આવી છે. સૌરાષ્ટ્રના જે ભાગોમાં હિંસા થઈ હતી તેમાં રાજકોટ સહિત સમગ્ર જિલ્લા અને જામનગરનો સમાવેશ થાય છે. વિરોધ પક્ષો પણ દલિતો ઉપર અત્યાચારના મુદ્દે રાજનીતિ રમવા માટેની તૈયારીમાં દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી અને એએપીના ટોચના નેતાઓ આ મુદ્દાને ઉઠાવીને પ્રયાસ કરી રહ્યા છે. આજે કોંગ્રેસે ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા.

## અરવિંદ કેજરીવાલ ૨૨મીએ ઉનાની મુલાકાત લેશે

અમદાવાદ, તા.૧૯

દિલ્હીના મુખ્યમંત્રી અને આપ પાર્ટીના વડા શ્રી અરવિંદ કેજરીવાલ ૨૨મીએ ગુજરાતની મુલાકાતે આવે છે. ઉના ખાતે દલિત પીડિત પરિવારોની મુલાકાત લેશે. છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલા દલિત આંદોલનમાં આપ પાર્ટી ઠેર-ઠેર દેખાવો યોજી રહી છે. કેજરીવાલ આ જ આનુસંધાને દલિત અત્યાચારના વિરોધમાં ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ૨૦મીએ રાજ્યભરના જિલ્લા મથકો પર આપ પાર્ટી દ્વારા દેખાવોનું આયોજન કરાયું છે.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹50*/1 L
અમૂલ ગોલ્ડ
500mL: ₹ 25*

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
D'DECOR
DC TEX
HOMES
COPPER
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 ,09829719885 ,09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
શુભારંભ
સહર્ષ જણાવતા આનંદ થાય છે કે બેંકનાં ૧૦૯માં સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર રીજીયનના રીટેલ લોનની ત્વરીત મંજુરી માટે સ્પેશ્યલાઈઝડ મોર્ગેજ સ્ટોરનું ઉદ્દઘાટન ઉત્તર ગુજરાત ઝોનનાં વડા શ્રી આર.એન. શર્મા સાહેબ (જનરલ મેનેજર) નાં વરદ હસ્તે રાખેલ છે.
તારીખ :- ૨૦-૦૭-૨૦૧૬
સમય :- બપોરે ૩ કલાકે
સ્થળ :- બેંક ઓફ બરોડા, પ્રથમ માળ, સેક્ટર-૨૧ શાખા, ગાંધીનગર
નિમંત્રક :- શ્રી આર. એમ. સક્સેના
રીજીયનલ મેનેજર, ગાંધીનગર ક્ષેત્ર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225